નોવેલ કોરોના વાઇરસ (COVOD-19) સંદર્ભે સરકાર દ્વારા ખાસ ખરીદ સમિતિની રચના બાબત.

ગુજરાત સરકાર
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ
ઠરાવઃ- એનસીવી/૧૦૨૦૨૦/એસએફએસ-૧/ગ
તા.૨૧/03/૨૦૨૦

ઠરાવ:

રાજયમાં કોરોના વાયરસની રોગ અટકાયત અને નિયંત્રણની કામગીરી કાયદાકીય રીતે ત્વરિત હાથ ધરી શકાય તે હેતુસર એપેડેમિક ડીસીઝ એક્ટ-૧૮૯૭ અન્વયે આ વિભાગના ક્રમાંક એનસીવી-૧૦૨૦૨૦-એસ.એફ.એસ.૧ તા.૧૩/03/૨૦૨૦ના નોટીફિકેશનથી રાજ્યમાં "ધ ગુજરાત એપેડેમિક રેગ્યુલેશન, ૨૦૨૦" જાહેર કરેલ છે.

રાજયમાં હાલની નોવેલ કોરોના વાઇરસ (COVOD-19)ના સંક્રમણની પરિસ્થિતિમાં જરૂરી તમામ દવાઓ, સાધન સામગ્રી (ઈક્વીપમેંટસ) માનવબળ અને તમામ અન્ય કોઈપણ જરૂરી વસ્તુઓ/સેવાઓ તાત્કાલિક ધોરણે ઉપલબ્ધ કરી શકાય તે હેતુસર રાજય સરકારે ખાસ ખરીદ સમિતિ બનાવવાનો નિર્ણય કરેલ છે. તદ્દઅનુસાર ખાસ ખરીદ સમિતિનું માળખું નીચે મુજબ રહેશે.

| ક્રમ | અધિકારીનું નામ | હોદ્દો |
|---|---|---|
| (૧) | શ્રી પંકજ જોશી ,અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ | અધ્યક્ષ |
| (૨) | શ્રી એમ કે દાસ, અગ્રસચિવશ્રી, ઉદ્યોગ અને ખાણ વિભાગ | સભ્ય |
| (3) | ડો. જયંતી રવિ, અગ્રસચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | સભ્ય |
| (૪) | શ્રી જય પ્રકાશ શિવહરે, કમિશનર (આરોગ્ય) | સભ્ય |

આ ખાસ ખરીદ સમિતિ હાલની અમલી ખરીદનીતિ તથા અન્ય ખરીદીને લગતી પ્રક્રિયાઓને અનુસર્યા સિવાય તાત્કાલિક સંજોગોમાં જરૂરી જણાય તે તમામ દવાઓ, સાધન સામગ્રી(ઈક્વીપમેન્ટસ) માનવબળ અને તમામ અન્ય કોઈપણ જરૂરી વસ્તુઓ/સેવાઓ યોગ્ય ભાવે લઈ શકશે.

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર તા.૨૧/03/૨૦૨૦ની નોંધથી માન.મુખ્યમંત્રીશ્રીની મળેલ મંજૂરીના અનુસંધાને બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(હરેશ પરમાર)
ઉપસચિવ
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

નકલ રવાના:

1. અંગત સચિવશ્રી,માન.મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય,સ્વર્ણીમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
2. અંગત સચિવશ્રી,માન.નાયબ મુખ્યમંત્રીશ્રી (આ) નું કાર્યાલય,સ્વર્ણીમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
3. અંગત સચિવશ્રી,માન.રા.ક.મંત્રીશ્રી (આ) નું કાર્યાલય,સ્વર્ણીમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
4. સર્વે માન.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી.
5. સર્વે રાજ્યકક્ષાનામંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી
6. સર્વે વિભાગના સચિવશ્રીઓ, અગ્ર સચિવશ્રીઓ તથા અધિક મુખ્ય સચિવશ્રીઓ
7. સર્વે મ્યુનિસિપલ કમિશ્નરશ્રીઓ, ગુજરાત રાજ્ય.
8. કમિશ્નરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ (આ.વિ) ની કચેરી,ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
9. સર્વે કલેકટરશ્રીઓ/જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ, ગુજરાત રાજ્ય.
10. તમામ જિલ્લા મુખ્ય આરોગ્ય અધિકારીશ્રીઓ
11. તમામ મ્યુનિસિપલ કોર્પોરેશનના મેડીકલ ઑફીસર હેલ્થ
12. માહિતિ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય. બ્લોકનં.૧૯,ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર. આ બાબતની રાજ્યમાં બહોળી પ્રસિદ્ધિ અર્થે.
13. વિભાગના સર્વે અધિકારીશ્રીઓ.
14. એકાઉન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ/રાજકોટ
15. અધિક નિયામકશ્રી (જા.આ), આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ (આ.વિ) ની કચેરી,ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
16. અધિક નિયામકશ્રી (ત.સે), આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ (આ.વિ) ની કચેરી,ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
17. અધિક નિયામકશ્રી (ત.શિ), આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ (આ.વિ) ની કચેરી,ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
18. અધિક નિયામકશ્રી (પ.ક), આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ (આ.વિ) ની કચેરી,ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.